# મુખ્યમંત્રીના હસ્તે અમદાવાદમાં નયનરમ્ય ફ્લાવર શોનો આરંભ








રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પ્રતિ વર્ષ યોજાતા 'ફ્લાવર શો-૨૦૨૦'ને આજે સવારે રિવરફ્રંટ ખાતે ખુલ્લો મુક્યો હતો. શોના મુખ્ય આકર્ષણોમાં આ વખતે ગાંધીજીની ૧૫૦મી જન્મ જ્યંતિ ઉજવણી અંતર્ગત ગાંધીજીના જીવન ચરિત્રની ઝાંખી કરાવતા વિવિધ પ્રતિકૃતિઓ મૂકવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે આ શો ૮મા વર્ષમાં પ્રવેશ્યો છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૪ જાન્યુઆરીથી ૧૯ જાન્યુઆરી દરમિયાન ઈવેન્ટ ગ્રાઉન્ડ અને ફ્લાવર ગાર્ડન, સાબરમતી રિવરફ્રન્ટ ખાતે એક સાથે 'અમદાવાદ ફ્લાવર શો-૨૦૨૦' જાહેર જનતા માટે ખુલ્લો રહેશે. ૮૮,૫૦૦ ચો.મી.જેટલી વિશાળ જગ્યામાં 'અમદાવાદ ફ્લાવર શો-૨૦૨૦'નું આયોજન કરવામાં આવ્યું છે. ઓર્કિડ, રેનેક્યુલસ, લીલીયમ, પીટુનિયા, ડાયન્થસ જેવા જુદી-જુદી વેરાયટીના ૭૫૦થી વધુ જાતોના ૧૦ લાખથી વધુ રોપા દ્વારા તૈયાર કરાયેલ ફુલ-છોડની પ્રદર્શની, વિવિધ ફુલોમાંથી બનાવેલ મોરની પ્રતિકૃતિ સાથેનો આકર્ષક પ્રવેશ દ્વાર, ગ્રીન અમદાવાદની થીમને સાર્થક કરતી ૨૦૦ ફૂટ લાંબી ગ્રીન વોલ, સ્પોર્ટ્સ થીમ પર વિવિધ રમત-ગમતના સ્કલ્પચર તેમજ ફાયર વિભાગના જુદા-જુદા સાધનોને ફુલોથી શણગારી તેનું પ્રદર્શન પણ આ ફ્લોવાર શોમાં પ્રદર્શિત કરવામાં આવ્યું છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના દરેક સિટી સિવીક સેન્ટરો પરથી ફ્લવાર શોની પ્રવેશ ટિકિટી મેળવી શકાશે. અમદાવાદ ફ્લાવર શોમાં પ્રવેશ મેળવવા માટે ૧૨ વર્ષથી વધુ ઉંમરની વ્યક્તિઓની સોમવારથી શુક્રવાર દરમિયાન પ્રવેશ ફી રૂ. ૨૦ રહેશે. જ્યારે સિનિયર સિટીઝનને વિના મૂલ્યે પ્રવેશ આપવામાં આવશે. તેમજ શનિવાર અને રવિવારના રોજ તમામ વ્યક્તિઓ માટે પ્રવેશ ફી રૂ.૫૦ રાખવામાં આવી છે.

## ગાંધીનગરની સિવિલ હૉસ્પિટલમાં નવી કેન્ટીન ટૂંક સમયમાં શરૂ થશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર સિવિલ કેમ્પસમાં શોંપીગ સેન્ટર પાસે જ આધુનિક કેન્ટીન માટે મકાન તૈયાર કરાયું છે. આ કેન્ટીનનું મકાન વર્ષોથી જેમનું તેમ છે. ત્યારે હાલમાં કેન્ટીન કામચલાઉ જગ્યા પર ચાલી રહી છે. તાજેતરમાં જ કેન્ટીન અને પાર્કીંગ માટે ઓનલાઈન અરજી મંગાવવામાં આવી હતી. તેમા ચાર જેટલી અરજીઓ આવી હતી ત્યારબાદ અમદાવાદના ભાવના કેટરર્સનું ટેન્ડર ઓછુ આવતા તેમને કેન્ટીન સોંપવામાં આવી છે. આ કેન્ટીનમાં દર્દી અને સગાઓને ધ્યાને લઈ નહીં નફો કે નહી નુકશાનના ધોરણે ચલાવવામાં આવશે. જયારે કેન્ટીનની બહાર ચા-કોફી, નાસ્તો તેમજ જમવાના પૈસા લખેલુ બોર્ડ પણ મુકવાનું રહેશે. તે ઉપરાંત સિવિલ તંત્રના નિતિ-નિયમોને આધીન કેન્ટીન સંચાલકે ચલાવવાની રહેશે. જયારે સિવિલ તંત્રને કેન્ટીનનું તોતિંગ ભાડુ પણ મળશે. ગાંધીનગર સિવિલ કેન્ટીન ભાવના કેટરર્સના ફાળે ગઈ છે. સિવિલમાં ટુંક સમયમાં જ ભાવના કેટરર્સ દ્વારા કેન્ટીન શરુ કરવામાં આવનાર છે. જેથી શોંપીગ સેન્ટર પાસે આવેલી કેન્ટીનની સફાઈનું કામ પુરજોશમાં ચાલી રહ્યું છે. ત્યારે આગામી ટુંક સમયમાં કેન્ટીન કાર્યરત થતા દર્દીઓ તેમજ સગાઓને ચા-નાસ્તા તેમજ જમવાનો લાભ મળી રહેશે. સિવિલ તંત્ર દ્વારા ભાવ નિયમન અંગે લીસ્ટ તૈયાર કરાયું છે. જેમાં ચા, નાસ્તો, જમવાનું, પાણીની બોટલ સહિતનો ભાવ નક્કી કરાયો છે. તે ભાવ મુજબ જ દર્દી કે તેના સગા પાસેથી કેન્ટીન સંચાલક રૂપીયા લઈ શકશે. જયારે હાલની કામચલાઉ કેન્ટીન આવેલી છે તેને બંધ કરી દેવામાં આવશે. દર્દીના સગાઓને ચા-નાસ્તા માટે વધુ અંતર કાપીને કેન્ટીન સુધી આવવું પડશે. જયારે કેન્ટીનના મોટાભાગની તમામ ચીજવસ્તુઓ મળી રહેશે. જયારે ભાવના કેટરર્સ દ્વારા સિવિલ તંત્રને નિયત કરેલુ ભાડુ પણ આપવામાં આવશે. જયારે કેન્ટીન ખાતે વિજ મીટર ન હોવાથી કેન્ટીન કાર્યરત ન હતી પરંતુ વિજમીટર લાગી જતા હવે ટુંક સમયમાં નવીન કેન્ટીનનો પ્રારંભ થશે તેમ અંતરંગ સુત્રો દ્વારા જાણવા મળ્યું છે.

## નડીઆદમાં આજે પંકજભાઈ દેસાઈનો ભવ્ય અભિવાદન સમારોહ યોજાશે

નડીયાદ, તા. ૪

નડીઆદમાં આજે ભવ્ય અભિવાદન સમારોહનું આયોજન કરાયું છે. નડીઆદના લોહહ્દય સમ્રાટ અને વિધાનસભાના મુખ્ય દંડક પંકજભાઈ દેસાઈને દેશના ''સર્વશ્રેષ્ઠ ધારાસભ્ય''નું મળેલું સન્માન બદલ આ સમારોહ યોજાશે. આજે બપોરે ૩.૩૦ કલાકે બાસુદીવાલા હાઈસ્કૂલના મેદાનમાં નડીઆદ નાગરિક અભિવાદન સમિતિ દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરાયું છે. નડીઆદ શહેર તાલુકો તથા સમગ્ર ચરોતર પ્રદેશના વિવિધ સંગઠનો, સમાજ, સંસ્થાઓ તથા ચરોતર શ્રેષ્ઠીઓ દ્વારા પંકજભાઈ દેસાઈનું અનેકવિધ રીતે ભવ્ય-અકલ્પનિય સન્માન થશે.

નડીઆદ નાગરિક અભિવાદન સમિતિના જણાવ્યાનુસાર લોકપ્રિય ધારાસભ્ય પંકજભાઈ દેસાઈને તાજેતરમાં એશિયાની સૌથી મોટી તબીબી ક્ષેત્રની 'સીક્સ સીગ્મા હેલ્થકેર એક્ષલેન્સ-૨૦૧૯'નો એવોર્ડ નવી દિલ્હી ખાતે અર્પણ કરાયો હતો. પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદાન અર્પણ કરનારા દેશના તમામ ધારાસભ્યો પૈકી એકમાત્ર ધારાસભ્યને અપાતો એવોર્ડ પંકજભાઈ દેસાઈને પ્રાપ્ત થયો હતો. જે સમગ્ર નડીઆદ જ નહી પણ ગુજરાત માટે એક ગૌરવરૂપ ઘટના ગણી શકાય. આ ગૌરવરૂપ ઘટનાને સાક્ષરનગરીમાં સવર્ણાક્ષરે અંકિત કરાવવા માટે નડીઆદ નાગરિક અભિવાદન સમિતિએ બીડું ઝડપ્યું છે. જેના પરિણામે સમગ્ર ચરોતર પ્રદેશમાંથી ૩૫૦ થી વધુ સમાજ, સંસ્થાઓ, સમિતિઓ, સંગઠનો અને સમાજ શ્રેષ્ઠીઓ દ્વારા અનેકવિધ રીતે પંકજભાઈ દેસાઈનું સન્માન કરાશે.

## પાલનપુરના મુક-બધીર ખેલાડીઓએ નેશનલ-રાજ્ય કક્ષાએ ૧૩ મેડલ મેળવ્યા

### ત્રણ ખેલાડીઓ નેશનલ કક્ષાએ જ્યારે આઠ ખેલાડીઓ રાજ્યકક્ષાએ વિજેતા



પાલનપુર

પાલનપુર ખાતે આવેલી વિધામંદિર ટ્રસ્ટ સંચાલિત મા શ્રવણવાણી મૂકબધિર વિધાલયના ૧૩ વિધાર્થીઓએ નેશનલ અને રાજ્ય લેવલની વિવિધ રમત-ગમતોમાં ભાગ લીધો હતો. જેમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી એક ગોલ્ડ મેડલ સહિત કુલ ૧૩ મેડલો મેળવી શાળા અને શહેરનું ગૌરવ વધાર્યુ હતુ.

પાલનપુર ખાતે આવેલી વિધામંદિર ટ્રસ્ટ સંચાલિત મા શ્રવણવાણી મૂકબધિર વિધાલયના છાત્રોએ ઓલ ઈન્ડિયા સ્પોર્ટસ કાઉન્સિલ ઓફ ધી ડેફ આયોજીત સાતમા નેશનલ ગેમ્સ ઓફ ધી ડેફ કોચિકુ કેરાલામાં ભાગ લીધો હતો. જેમાં ધોરણ પાંચમાં અભ્યાસ કરતા વિજય બલુભાઈ પરમારે બરછી ફેંકમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરી ગોલ્ડ મેડલ જયારે સોનલ કૈલાસભાઈ ગુપ્તાએ ગોળાફેંકમાં તૃતિય અને હંસાબેન શામજીભાઈ ચૌધરીએ ચક્રફેંકમાં તૃતિય નંબર પ્રાપ્ત કરી કાંસ્ય મેડલ પ્રાપ્ત કર્યા હતા. આ ઉપરાંત અમદાવાદ ખાતે યોજાયેલા રાજ્ય કક્ષાના ખેલ મહાકુંભમાં ભાવના રમેશભાઈ પટેલે ચક્ર ફેંક, ગોળાફેંક, સોનલબેન કૈલાશભાઈ ગુપ્તાએ ચક્રફેંક- ગોળાફેંકમાં દ્રિતિય ક્રમ, વિજય બલુભાઈ પરમારે બરછી ફેંક, વિરૂપા સોમાજી ઠાકોરે રીલે દોડ, અવનીબેન અર્જુનભાઈ મોદી ઉંચી કુદ, રીલે દોડ, કરણ નટવરભાઈ પરમાર ઉંચીકુદ, ભાવનાબેન ગણેશજી માળી રીલે દોડ અને નયનાબેન ભાણાભાઈ રાઠોડ રીલે દોડમાં તૃતિય નંબર મેળવી સિલ્વર અને બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતા.

## ધાનેરાના માલોત્રા ગામેથી ૫૬૮૦ લિટર ડિઝલનો જથ્થો ઝડપાયો

### ધાનેરા તાલુકાના માલોત્રા ગામે ખેતરમાંથી બનાસકાંઠા એસઓજી પોલીસની ટીમે ડીઝલનો જથ્થો ઝડપ્યો





ધાનેરા, તા.૪

બનાસકાંઠા જિલ્લાની એસ.ઓ.જી પોલીસ ને ખાનગી રાહે બાતમી મળતા એસઓજી પોલીસના અધિકારીઓએ ધાનેરા તાલુકાના માલોત્રા ગામે રહેતા રમેશભાઈ પટેલ અને અમૃતભાઈ પટેલના ખેતરમાં દરોડા કર્યા હતા ત્યાંથી બિલ વગરનો ડીઝલનો જથ્થો મળી આવતા ચકચાર મચી ગઈ છે તો બીજી તરફ ગેરકાયદેસર રીતે આગ સળગી ઊઠે એવો જથ્થો બેદરકારીપૂર્વક રાખેલો હતો જેથી એસ.ઓ.જી પોલીસે આઈપીસી કલમ ૨૮૫ મુજબ ગુનો નોંધી ૩૯૮૯૯૦ નો મુદ્દમાલ જપ્ત કરી બંનેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ધાનેરા નગરપાલિકાનામાં વર્ષોથી ફરજ બજાવતા

## ૧૧ સફાઈ કામદારોને અચાનક છૂટાં કરી દેતા સફાઈ કામદારોમાં રોષ

### છુટા કરેલા સફાઇ કામદારોને પરત લેવામાં નહીં આવે તો તારીખ ૬-૧-૨૦૨૦-થી હડતાલ પર ઉતરવાની ચીમકી

ધાનેરા, તા.૪

ધાનેરા નગરપાલિકાના માં વર્ષોથી ફરજ બજાવતા ૧૧ સફાઈ કામદારો ને અચાનક છૂટાં કરી દેતા સફાઈ કામદારો માં રોષ જોવા મળી અધિકારીને આવેદનપત્ર આપી જણાવ્યું છે કે ધાનેરા નગરપાલિકા દ્વારા સફાઈ કામદારોને તેમના હકો થી વંચિત રાખવામાં આવે છે અને નગરપાલિકા આજ દિવસ સુધી



રહ્યો છે અને વાલ્મિકી સમાજ ધ્વરા આજે ધાનેરા પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપી તાત્કાલિક ધોરણે છુટા કરેલા સફાઈ કામદારોને પરત લેવા માટે માંગ કરે છે અને જો પરત લેવામાં નહીં આવે તો તારીખ ૬ ૧ ૨૦૨૦ થી હડતાલ પર ઉતરવાની ચીમકી ઉચ્ચારી છે.

ધાનેરામાં આજે વાલ્મિકી સમાજ દ્વારા ધાનેરા પ્રાંત એક પણ સફાઈ કામદારોને કાયમી કર્યો નથી વર્ષ ૨૦૦૧માં સફાઈ કામદારોનું ૨૫ મહેકમ મંજૂર થયેલું હતું તે પણ આજ દિવસ સુધી ભરવામાં આવ્યું નથી વારંવાર રજૂઆત કરવા છતાં પણ ભરતી કરવામાં આવતી નથી અને તારીખ ૧ ૧૨ ૨૦૧૯ થી ૬૦ વર્ષની ઉંમરના ૧૧ સફાઈ કામદારોને વગર નોટિસએ છૂટા કરવામાં આવેલ છે.આ સફાઈ કામદારોને ગ્રામ પંચાયત વખતથી રોજમદાર તરીકે ફરજ બજાવે છે અને આજ દિવસ સુધી આ સફાઈ કામદારોને કાયમી કરવામાં આવેલ નથી આટલા વર્ષ સુધી ફરજ બજાવી છતાં આ લોકોને કાયમી નથી કરેલ તે ભૂલ નગરપાલિકાની છે અને આ સફાઈ કામદારોને છૂટા કરવાનો કોઈ નિયમ નથી છતાં પણ નગરપાલિકા દ્વારા આ લોકોને છૂટા કરવામાં આવ્યા છે તો તે બાબતે વાલ્મિકી સમાજ દ્વારા પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપી બે હાથ જોડી કાયદેસરની કાર્યવાહી કરવા માટે વિનંતી કરે છે તો બીજી તરફ વાલ્મિકી સમાજ ધ્વરા ચીમકી પણ ઉચ્ચારી છે કે જો છુટ્ટા કરેલા ૧૧ કર્મચારીઓને તાત્કાલિક ધોરણે નગરપાલિકા માં પરત લેવામાં નહીં આવે તો તારીખ ૧ ૬ ૨૦૨૦થી તમામ સફાઈ કામદારો હડતાલ પર ઉતરવાની પણ ચિમકી ઉચ્ચારી છે.

## ડીસાની મધ્યમાં વધુ એક ઓવરબ્રિજ આકાર પામશે : પાલિકા દ્વારા દરખાસ્ત

### ૫૦ કરોડના ખર્ચે બનનાર બ્રિજથી ટ્રાફીકની સમસ્યા હલ થશે : શહેરીજનો ખુશ

ડીસા, તા.૪

ડીસામાં દિન પ્રતિદિન ટ્રાફિક સમસ્યા ઘેરી બનવાની સાથે માર્ગ અકસ્માતમાં પણ વધારો થયો છે તેના પગલે સરકાર દ્વારા માર્કેટયાર્ડથી બનાસ પુલ સુધી ચાર કિ.મિ. લાંબા ઓવરબ્રિજની મંજૂરી મળી છે અને તેની કામગીરી પણ પુર જોશમાં હાલમાં ચાલી રહી છે આ બ્રિજ બન્યા બાદ ટ્રાફિક સમસ્યા હળવી થશે તેવું સ્પષ્ટ પણે લાગી રહ્યું છે પરંતુ હાઈવેની સાથે મુખ્ય બજારમાં પણ દિન પ્રતિદિન ટ્રાફિકની સમસ્યા પેચિદી બની રહી છે શહેરી વિસ્તાર વધવા સાથે શહેરમાં પણ આગામી દિવસોમાં ટ્રાફિકની સમસ્યા વધુ ઘેરી બનશે જો કે માથા ના દુખાવા સમી આ સમસ્યાને નાથવા માટે આગોતરા આયોજનના ભાગ રૂપે ડીસા ના નવીન બસ સ્ટેન્ડથી એસ.સી.ડબ્લ્યુ. હાઈસ્કૂલ સુધીમાં ૫૦ કરોડના ખર્ચે ઓવરબ્રિજ બનાવવાની દરખાસ્ત પણ પાલિકા દ્વારા સરકારમાં મોકલી આપવામાં આવી છે અને આ બ્રિજ મંજુર થતાની સાથે જ ટ્રાફિક ની સમસ્યા આપમેળે ઘટી જશે. નવા વર્ષની આ શાનદાર ભેટથી શહેરીજનોમાં હર્ષોલ્લાસ છવાયો છે.

## પેપરલીંક કૌંભાડમાં પેપર મેળવનાર યુવકનું નિવેદન પોલીસ દ્વારા નોંધાયું

ગાંધીનગર, તા.૪

બિન સચિવાલય પેપર લીંક કૌંભાડમાં આરોપી લખવિંદરને રૂપીયા આપીને પેપર મેળવેલા એક ઉમેદવારનું નામ સામે આવ્યું છે. ગઢડાના ભાદરીયા ગામના ફેનિલ રમેશભાઈ વાઢેરને લખવિંદરે પેપર મોકલ્યું હતું. જેની વિગતો બહાર આવતા પોલીસે ફેનિલને બોલાવીને તેનુ નિવેદન નોંધ્યું હતું.

અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ફેનીલે પોતાના નિવેદનમાં પેપર માટે લખવિંદરને રૂ.૧૦ હજાર એડવાન્સ આપ્યા હોવાનું ધ્યાને આવ્યું છે. અગાઉ પકડાયેલા લખવિંદરસિંગે યુવરાજસિંહ મોરી, મહાવીરસિંહ તેમજ ફેનિલને પેપર મોકલી આપ્યું હતું. જેને પગલે ત્રણેય ઉમેદવારોના મોબાઈલ કબ્જે કરી તપાસ માટે એફએસએલ મોકલી આપ્યા છે. બીજીતરફ મુખ્ય સુત્રધાર પ્રવિણદાન ગઢવી સાતે તેના પરિવારનો પણ કોઈ પત્તો નથી એટલે પોલીસને શંકા છે કે આરોપી પરિવાર સાથે જ અંડરગ્રાઉન્ડ થઈ ગયો છે.

### સરદાર પટેલને

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સાથે નક્કી કરાય છે. જો ધ્યેયને પૂરો કરવો હોય તો તેના માટે લાંબા સમય સુધી મહેનત કરવી પડે છે. સુખમાં દુઃખ છે અને દુઃખમાં સુખ છે. જીંદગીમાં ક્યારેય પ્યોર સુખ પ્યોર દુઃખ નથી હોતુ. સીગરેટ એ ઈનલીગલ વ્યસન છે જ્યારે મોબાઈલ એ લીગલ વ્યસન છે. મોબાઈલની આદત મોટાઓને સમય પસાર કરવા માટે કદાચ યોગ્ય હશે પરંતુ યુવાનોએ બને તેટલો મોબાઈલનો ઓછો ઉપયોગ કરવો જોઈએ. પ્રથમ પ્રાયોરિટી પોતાના જીવનના લક્ષ્યને આપો લગ્નો તો થતા રહેશે. કોઈ સફળ વ્યક્તિ નથી જેણે નિષ્ફળતા ન અનુભવી હોય. આ નિષ્ફળતાના વિચારથી પિડાયા વગર દરેક વ્યક્તિએ આગળ વધવુ જોઈએ. અને આગળ વધવા માટે કઠોર પરિશ્રમ કરવો જરૂરી છે.

### અધિવેશન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાંથી હજારોની સંખ્યામાં શિક્ષકો શિક્ષક સહાયક ભાઈઓ તેમજ બહેનો મોટી સંખ્યામાં હાજરી આપશે. આ શૈક્ષણિક અધિવેશનમાં ગુજરાતના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓ રાજય સંકલન સમિતિના હોદેદારો અને તમામ જિલ્લા ઘટક સંઘોના પ્રતિનિધિઓ સહીત સંગઠનો હાજર રહેશે. આગામી નવી શૈક્ષણિક નીતી શિક્ષણ જગતના સાંપ્રત પ્રવાહોને પડકારો, શિક્ષણ ચિંતન, મનન અને ગુજરાતના માધ્યમિક શિક્ષણના પાયાને વધુ મજબુત બનાવવા તથા ગુજરાત રાજયનો શૈક્ષણિક ક્ષેત્રે અન્ય રાજયો કરતા વિકાસ દર ક્રમાંકે રહે તે અંગેની ભાવિ રણનીતિ ઘડવા માટે પણ ચિંતન કરાશે. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં માધ્યમિક શિક્ષકો હાજર રહેશે તેમ ગુજરાત માધ્યમિક શિક્ષક સંઘના પ્રમુખ દિનેશ ચૌધરી અને મહામંત્રી સુરેશ પટેલે જણાંવ્યુ છે.

### લાલઘૂમ

● અનુસંધાન પહેલાનું ચાલુ

બીજી બાજુ ભારતમાં જોરદાર નારાજગી જોવા મળી રહી છે. શિખ ગુરુ દ્વારા પ્રબંધક સમિતિએ ચાર સભ્યોના પ્રતિનિધિ મંડળને પાકિસ્તાન મોકલવાનું નિર્ણય કર્યો છે. શિખ ગુરુદ્વારા પ્રબંધક સમિતિ અને શિરોમણી અકાળી દળના સભ્યોએ જોરદાર દેખાવો કર્યા હતા. શિખ ગુરુદ્વારા સમિતિ અને અકાળી દળના સભ્યોએ બપોરે એક વાગે ચાણક્યપુરી નજીક પાકિસ્તાન હાઈ કમિશનની પાસે દેખાવો કર્યા હતા. દેખાવકારોએ પાકિસ્તાન અને પાકિસ્તાની વડાપ્રધાન ઈમરાન ખાનની સામે જોરદાર નારેબાજી કરી હતી. શિખ સમુદાયના સભ્યોએ પાકિસ્તાની હાઈ કમિશનમાં દસ્તાવેજો પણ સોપ્યા હતા. પાકિસ્તાન હાઈ કમિશનમાં આવેદનપત્ર સોંપવામાં આવ્યું હતું. ભાજપ અને કોંગ્રેસના કાર્યકરોએ પણ જુદી જુદી રીતે પાકિસ્તાન હાઈ કમિશનની નજીક દેખાવો કર્યા હતા. દિલ્હી કોંગ્રેસના કાર્યકરોએ પાકિસ્તાન મુર્દા બાદના નારા લગાવ્યા હતા. કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ પણ નનકાના સાહિબ ગુરુદ્વારા પર કરવામાં આવેલા હુમલાને લઈને નારાજગી વ્યક્ત કરી છે. તેમણે કહ્યું છે કે, નનકાના સાહિબ ગુરુદ્વારા પર હુમલાની બાબત ખુબ જ ગંભીર છે. ગુરુદ્વારા જન્મ સ્થાન પર કરવામાં આવેલા હુમલાની નિંદા કરતા એસજીપીસીના વડા ગોવિંદ સિંહ લોંગોવાલે પાકિસ્તાન સમક્ષ દોષિતોની સામે કઠોર કાર્યવાહી કરવાની માંગ કરી છે. લોંગોવાલે કહ્યું છે કે, અમે ગુરુદ્વારા નનકાના સાહિબ ઉપર હુમલાની નિંદા કરીએ છીએ. સાથે સાથે પાકિસ્તાન સરકાર સમક્ષ દોષિતોની સામે કઠોર કાર્યવાહીની માંગ પણ કરીએ છીએ. ચાર સભ્યોની ટીમ પાકિસ્તાન જશે અને ગુરુદ્વારા પર થયેલા હુમલાના મામલામાં ઉંડી ચકાસણી કરશે. ગઈકાલે કરાયેલા હુમલા બાદથી શિખ સમુદાયના લોકો ભારે નારાજ થયેલા છે.

### એરસ્ટ્રાઈક

● અનુસંધાન પહેલાનું ચાલુ

સુલેમાનીના મોત બાદ પહેલી વખત મીડિયા સમક્ષ આવેલા ટ્રમ્પે કહ્યું કે હું ઈરાન સાથે યુદ્ધ થાય તેવું નથી ઈચ્છતો. ટ્રમ્પે દાવો કર્યો છે કે, સુલેમાની ભારત વિરૂદ્ધ આતંકવાદી હુમલાના ષડયંત્રમાં શામેલ હતો. સાથે જ ટ્રમ્પે એમ પણ કહ્યું છે કે, સુલેમાનીનો ખાતમો યુદ્ધ શરૂ કરવા માટે નહીં પણ યુદ્ધ ખતમ કરવા માટે કરવામાં આવ્યો છે.

ઈરાકના સરકારી અધિકારીઓનું કહેવું છે કે આ હવાઈ હુમલામાં બે કારને નિશાનો બનાવવામાં આવી છે. જેમાં ઈરાન સમર્થિત લડવૈયાઓ સવાર હતા. ઈરાકના અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ મહિનામાં હશદ-અલ-સાબીના છ લડવૈયાઓના મોત નિપજ્યા છે. હુમલામાં માર્યા ગયેલા લોકોની ઓળખ હજી સુધી થઈ શકી નથી. ૨૦૨૦ના પ્રારંભમાં જ અમેરિકાએ કરેલા આ હુમલાથી ઈરાન અત્યંત રોષે ભરાયું છે અને વળતા હુમલાની ધમકી આપતાં સમગ્ર વિશ્વમાં તંગદિલી વ્યાપી ગઈ છે. અમેરિકાએ ઈરાકમાંથી તેના નાગરિકોએ પાછા બોલાવી લીધા છે.

### મોરપીંછના રંગ

● ચોથા પાનાનું ચાલુ

મળી 'કૈસે આવું મૈ કન્હૈયા તેરી ગોકુલ નગરી' ગીતથી. અને પછી તો આ યાત્રા અવિરત ચાલત્રી રહી, સાજન તારી પ્રીત આલબમમાં ૨૧ ગીતો ગાયા, નવરાત્રીનું ' રમઝટ' ખૂબ લોકપ્રિય બન્યું, બે વર્ષમાં લગભગ ૫૦ જેટલા આલબમમાં ગીતો ગાઈને પોતાના કંઠનો પરિચય સમગ્ર ગુજરાતને કરાવ્યો. તો વળી ડીડી ગીરનાર પર છ ગીતો ગાયા જેને કારણે પ્રીતિને 'બેસ્ટ સીંગર ઓફ ઑરિજનલ વૉઈસ' નો એવૉર્ડ પણ મળ્યો.

પ્રીતિ દુલ્લા આજે એક એવું વ્યક્તિત્વ છે કે જીવનની કપરામાં કપરી પરિસ્થિતિમાંથી પસાર થઈને, સંઘર્ષ ખેડીને આ સફળતા મેળવી છે. અસત્ય, અન્યાય, ખોટી દાદાગીરી, છેડતી, શોષણ, ભ્રષ્ટાચાર, અત્યાચાર સામે ભલભલા શક્તિશાળી માણસો પણ મૌન રહી જાય, આંખ આડા કાન કરે ત્યારે આવા સમયે આ પ્રીતિ દુલ્લા સંઘર્ષ કરીને નારી શક્તિનું સામર્થ્ય બતાવે, સાહસ બતાવે એ આ કાઠિયાવાડની ધરતી પર જ સંભવી શકે છે, 'તમારા જીવનનું સૌથી મોટું સપનું શું છે' એવા એક પ્રશ્નના જવાબમાં પ્રીતિએ જણાવ્યું કે 'ઈમાનદારીથી લોકસેવા કરવી, પોતાના ગામને સમૃદ્ધ કરવું, ગરીબો અને અબોલ પશુઓની સેવા કરવી, માતા પિતાના બધા જ સપના પુરા કરવા અને વિશ્વની સૌથી મોટી ગૌશાળા બનાવી અનેક ગાયોની સેવા કરવી '.

- 9426060601.india@gmail.com